# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-01-2025 Day : Friday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રોજગાર સર્જનમાં નોંધપાત્ર વૃધ્ધિ

**છેલ્લાં દસ વર્ષમાં દેશમાં રોજગાર સર્જનમાં 36 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના જણાવ્યા અનુસાર 2014થી 2024 સુધીમાં 17 કરોડથી વધુ વધારાની નોકરીઓનું સર્જન થયું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે ગયા વર્ષે દેશમાં લગભગ ચાર કરોડ 60 લાખ નોકરીઓનું સર્જન થયું હતું.**

**મંત્રાલયે જણાવ્યું હતું કે 2014-2024 વચ્ચે 36 ટકાનો રોજગાર વૃદ્ધિ દર વર્ષ 2004 થી 2014 દરમિયાન નોંધાયેલા 7 ટકા વૃદ્ધિ દર કરતાં ઘણો સારો છે. યુપીએ સરકાર દરમિયાન 2004 થી 2014 વચ્ચે બે કરોડ 90 લાખ વધારાની નોકરીઓનું સર્જન થયું હતું.**

**ડેટા દર્શાવે છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં શાસન હેઠળ કૃષિ ક્ષેત્રમાં રોજગારીની તકોમાં 19 ટકા, ઉત્પાદન ક્ષેત્રમાં 15 ટકા અને સેવા ક્ષેત્રમાં 36 ટકાનો વધારો થયો છે, જ્યારે બેરોજગારીનો દર 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં 3.2 ટકા થયો હતો.**

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રી, ય ખેલ પુરસ્કાર

રાષ્ટ્રીય ખેલ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે . વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ, પેરિસ ઓલિમ્પિકમાં બે ચંદ્રક વિજેતા મનુ ભાકર , ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરિસ પેરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ મેળવનાર પ્રવીણકુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ આપવામાં આવશે.

આ ઉપરાંત 32 ખેલાડીઓને અર્જુન એવોર્ડથી નવાજવામાં આવશે. તેમાં એથ્લેટ્સ જ્યોતિ યારાજી અને અન્નુ રાની , કુસ્તીબાજ નીતુ અને સ્વીટી , ચેસ ખેલાડી વંતિકા અગ્રવાલ, હોકી પ્લેયર સલીમા ટેટે, અભિષેક, સંજય, જરમનપ્રીત સિંહ અને સુખજીત સિંહનો સમાવેશ થાય છે. પેરા-આર્ચર રાકેશકુમાર , પેરા એથ્લેટ્સ પ્રીતિ પાલ , જીવનજી દીપ્તિ, અજીત સિંહ અને સચિન ખિલારીને પણ અર્જુન એવોર્ડ મળશે.

અનુભવી એથ્લેટ સુચા સિંહ અને અનુભવી પેરા સ્વિમર મુરલીકાંત પેટકરને આજીવન અર્જુન પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવશે. પુરસ્કાર વિજેતાઓને 17 મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ખાસ કાર્યકર્મમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા પુરસ્કારો એનાયત કરાશે.

આ સાથે જ દ્રોણાચાર્ય પુરસ્કાર માટે પેરા-શૂટિંગ કોચ સુભાષ રાણા , શૂટિંગ કોચ દીપાલી દેશપાંડે , હોકી કોચ સંદીપ સાંગવાન , બેડમિન્ટન કોચ એસ મુરલીધરન અને ફૂટબોલ કોચ અરમાન્ડો એગ્નેલો કોલાકોની પસંદગી કરવામાં આવી છે.

---

## પીએમ – દિલ્હી ખાતે વિકાસ પરિયોજના ઉદઘાટન અને શિલાન્યાસ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હી ખાતે બહુવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ લગભગ 1700 જેટલા નવા બાંધવામાં આવેલા આવાસોનું ઉદ્ઘાટન અને લાભાર્થીઓને ચાવીઓ સોંપશે.**

**આ ઉપરાંત શહેરમાં બે શહેરી પુનઃવિકાસ પ્રોજેક્ટ્સ વર્લ્ડ ટ્રેડ સેન્ટરનું ઉદ્ઘાટન અને લગભગ 300 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના સંકલિત કાર્યાલય સંકુલનું પણ ઉદ્ઘાટન , 600 કરોડ રૂપિયાથી વધુના ત્રણ નવા પ્રોજેક્ટ અને વીર સાવરકર કોલેજનો શિલાન્યાસ કરશે.**

---

## મુખ્યમંત્રી – ગૌમાતા પોષણ યોજના

**મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની વધુ ૩૩ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે જુલાઈ-૨૦૨૪થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે સહાય ચૂકવવામાં આવી છે. જે અંતર્ગત આશરે ૭0 હજાર ૬00થી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા 19 કરોડ 50 લાખની સહાય ચૂકવવામાં આવી હોવાનું ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની ત્રીજી બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.**

**ઓકટોબર-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ના તબક્કા માટેની સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઇન અરજી કરી શકે તે માટે ૧થી ૧૫ જાન્યુઆરી - ૨૦૨૫ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ રૂ. 171 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.**

---

# કરૂણા અભિયાન - 2025

**ગુજરાત સરકાર દ્વારા તારીખ 10થી 20 જાન્યુઆરી સુધી રાજ્યભરમાં કરૂણા અભિયાન - 2025નો પ્રારંભ કરાશે. જે અંતર્ગત ગઇકાલે કલેકટર કચેરી ખાતે એક બેઠક યોજાઇ હતી. આ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ**

**(વોઈસ કાસ્ટ – પરેશ મારૂ)**

*આ વર્ષે પણ તારીખ 10 થી 20 જાન્યુઆરી સુધી રાજ્યભરમાં કરૂણાઅભિયાન-2025 યોજવામાં આવશે. જે અંતર્ગત ગઇકાલે કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને ભુજ ખાતે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. જેમાં કચ્છમાં કરૂણા અભિયાનને લઇને થનારી કામગીરી અને વ્યવસ્થાની સમીક્ષા તથા ચર્ચા કરવામાં આવી હતી. કરૂણા અભિયાન અંતર્ગત ઘાયલ પક્ષીઓની સારવાર માટે તાલુકા કક્ષાએ 16 કલેકશન સેન્ટર તથા 13 સારવાર કેન્દ્ર અને 13 કંટ્રોલરૂમ કાર્યરત કરાશે. કલેકશન સેન્ટર પર વન વિભાગના સ્ટાફને ફરજ સોંપવામાં આવશે. ઉપરાંત નાયબ પશુપાલન નિયામક દ્વારા તાલુકા કક્ષાએ કુલ 15 પશુ ચિકિત્સક અધિકારીઓ કાર્યરત રહેશે. કરૂણા અભિયાનમાં 21 સામાજિક સંસ્થા અને 426 સ્વયંસેવકો તંત્ર સાથે સહયોગમાં જોડાશે. ચાઇનીઝ માંજાનો ઉપયોગ થતો અટકાવવા માટે વન વિભાગ તથા પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત ટીમ બનાવી કોમ્બિંગ કરીને વેપારીઓને સમજ આપવામાં આવશે તેમજ કાયેદસરની કાર્યવાહી પણ કરાશે. રાજયના તમામ પક્ષી સારવાર કેન્દ્રો દર્શાવતા ઓનલાઇન મેપની લીંક સ્વયં સંચાલીત વાઇલ્ડલાઇફ હેલ્પલાઇન નંબર ૮૩૨૦૦ ૦૨૦૦૦માં વોટસએપ મેસેજમાં " **KARUNA**" મેસેજથી મળી શકશે.*

---------------------------------------------------------------------------------